૪૪૪૪

જ્ઞાન સુબોધ ગરબાવળી.

શ્રી ગજાનનનો ગરબો.

દુંદાલા દેવ, વિઘ્ન હરણુ લંબોદર નામ તમારૂં;
સહુ કરતા સેવ, શુદ્ધ બુદ્ધના સ્વામિને હૃદયે ધારૂં; ટેક.
ગજમૂખ સનમુખ થાઓ સ્વામિ,તારૂં રૂપ દીસે ન મળે ખામી;
દુઃખડાં કાપો અંતરયામી, દુંદાલા દેવ. ૧
ગણપતિ ઉમિયા તારી માતા,હરિહર બ્રહ્મા ગુણ શુભગાતા;
પ્રભુ સુદ્ધ બુદ્ધના છો સુખદાતા, દુંદાલા દેવ. ૨
તારે મૂખ સિંદુર દીસે રાતું, લાડુ લઇ સુંઢવડે ખાતું;
તારૂં રૂપ દીસે અતિ રંગ રાતું, દુંદાલા દેવ. ૩
તારે સુદ્ધિ બુદ્ધિ બે નાર સહી, તારે લક્ષ લાભ બે પુત્ર સહી;
તું પુજાએ સહુ પેહેલો થઇ, દુંદાલા દેવ. ૪
તું ચતુરભુજ શીવકો લાલા*, કરકમંડળ ફરશી બાલા;
કંઠે સર્પતણી શોભે માલા, દુંદાલા દેવ. ૫
તને મુષક વાહન દીસે વાહાલું, મોદકનું પ્રાશન† કરનારૂં;
બહુ ચપળ ગતિ એ ચલનારૂં, દુંદાલા દેવ. ૬
તારે માથે મુગટ હીરા ઝળકે, કાને કુંડળ ચુનિયો ચળકે;
તારે મકર ચંદ્ર લેલાટ ઝકે, દુંદાલા દેવ. ૭
ગણપત સેવક કાલો તારો,તારા હૃદયકમળમાં બહુ વાહાલો;
ગજ વદન વંદું ભવ દુઃખ ટાલો, દુંદાલા દેવ. ૮

---

*બાળક, છોકરો. †જમવું, ખાવું.

કૃષ્ણ જન્મ ઉત્પત્તિ.

ગરબી.

ધણું ઓપે આરાસુરી આધરે, અંબીકા દેવીરે;
જેના વેદ પુરાણ જશ ગાય, સુર મુની સેવીરે. ૧
માજી બીરાજો છો સરસ્વતિ તીરરે, પશ્ચિમ દ્વારરે;
દક્ષિણ વામે ગણપતિ બટૂક, ભૈરવ સારરે. ૨
સોહીએ મંડપ ઉપર ત્રીશૂલરે, બિંદુ ત્રિકોણરે;
સોના ગાગેરા ચાર અમૂલ્ય, જુગતી જોનેરે. ૩
માહાદેવ કોટેશ્વર ધામરે, અદભુત ડેરૂંરે;
જેને કીધાં સફળ શુભ કામ, દેવતા કેરાંરે. ૪
નીજ કુંભો કુંભો રાણો નામરે, કરીને થાપ્યોરે;
જેણે વાસ્યું કુંભારીઉં ગામ, શુભ વર આપ્યોરે. ૫
તેમાં વસે વિમળશા વણીકરે, માને પ્રતાપેરે;
પામ્યો અગણિત દ્રવ્ય અપાર, જુગમાં છાપરે. ૬
વચન ચુકયો ડેરાં કર્યાં સારરે, ઉગર્યા પાંચરે;
જેને અંબાતણો આધાર, નાવે ઉની આંચરે. ૭
એક ગાયોતણો ગોવાળરે, ગાયો ચારેરે;
તેમાં અંબાની દીન પ્રતિપાળ, કામધેનું આવેરે. ૮
કરે ગોપ નિત્ય મનમાં વિચારરે, આ કોની ગાયરે;
તેની ચરાઇ ન પામું લગાર, નિત્ય ચરી જાયરે. ૯
એક દીન ગૌ ઝાલી વાટરે, ગબર ગોખેરે;
માજી બેઠાં હીંડોળા ખાટ, સદાયની શોખેરે. ૧૦
અંગે આભૂષણ વિરાજે અપારરે, સોના ચુડો ઝળકેરે;
કોટે હાર મણિની માળ, હીરાલાલ બહુ ચુનીઓ ચળકેરે. ૧૧
કરજોડી કહે ત્યાં ગોપમા, મફત ગાય ચારૂંરે;
તમે કરમી છો મોટાં લોક, પેટ ભરો મારૂંરે. ૧૨
એવું સુણીને ભગવતી ભૂપરે પ્રેમ ધરીનેરે;
અકળરૂપ જવ અનૂપ આપ્યા ગોપ, રૂપસુવર્ણ ભરીનેરે. ૧૩

લઇ આવ્યો ગફાની બાહારરે, દેખી જવ અન્નરે;
ત્યાં નાંખીને મુરખ ગમાર, ચાલ્યો વન્નરે. ૧૪
આવી સ્ત્રીના આગળ કહી વાતરે, લક્ષ્મી શી બાઈરે;
આજ ગયો તો એમને ઘેર, ગાય પુંઠે ધાઇરે. ૧૫
મણિ માણેકતણો નહિ પારરે, આપ્યા જવ મનેરે;
રીસ કરી નાંખી આવ્યો બાહાર, શું કહું તનેરે. ૧૬
કહે પત્ની પશુ તમે ફોકરે, શિખ શી દીજેરે;
કોઇ આશિકા આપે મોટા જન,તેતો શીશ ધરી લીજેરે. ૧૭
એમ કહીને જોયું તતકાળરે, કામળીના છેડેરે;
દીઠા સૂવર્ણ તણા એ જવ, સર્વ સિદ્ધ નેડેરે. ૧૮
જવ રોપ્યા ગોબરના માંહીરે, કર્યાં ઉપવાસરે;
કીધાં નવરાત્રી કેરાં વ્રત, માએ પુરી આશરે. ૧૯
ત્યાં પ્રગટ થયાં મહંમાયરે, માગ્ય વર આપુંરે;
તેં તો ચારી છે મારી ગાય, જોને તે પ્રતાપેરે. ૨૦
કરજોડી કહે નરનારરે, એ વર આપોરે;
તમ જાંખીએ થાય કુમાર, જુગ જશ થાપોરે. ૨૧
એમ કહીને થયાં છે અલોપરે, આવીયાં જેમરે;
થયાં ધન ગોપીને ગોવાળ, માએ કહ્યું તેમરે. ૨૨
ઉમર* કીધા છે ચાંલ્લા સાતરે, જશોમતિ માએરે;
થઇ જુગમાં જે વિખ્યાત, ભગવતી બાઈરે. ૨૩
પોં'ચ્યા દાંતા રાણાને ગામરે, ડુંગર ચડીએરે;
વડ છાયા દેખીને રસાળ, દંડ વ્રત કરીએરે. ૨૪
માને પગે નમાવ્યું બાળરે, માનતા કીધીરે;
પારે ચાચર ઉતરાવ્યા વાળ, આશિકા લીધીરે. ૨૫
ગુજરાતના દિવાન નાગર નાતસંગ,શ્રાવણમાં આવેરે;
ભાત ભાતના મેવા પકવાન, માને ભેટ સારૂ લાવેરે. ૨૬

---

* માતાજીના મંદિરના ઉમરોઠે.

હવન હોમ બ્રહ્મભોજ પુજા પાઠ,દાન દક્ષિણા દીધીરે;
અંબે આધ્ય તે ભવાઇ [illegible] ...ાઇ,ગુણગાઇને કીધીરે. ૨૭
કરજોડી કહે જદુરામરે, અંબિકાનો દાસરે;
ગાય ગરબી તેનાં પુરો કામ, મંનની આશરે. ૨૮
બોલો બોલો અંબે માતકી જે; ચાચર ચોકકી જે, માનસરોવરકી જે;
વલ્લભ ધોળાકી જે,વલ્લભ હરિકી જે,આજ કે ઓચ્છવકી જે. ૨૯

સદ્દગુણી સ્ત્રી વિષે

ગરબી.

આવો આવો સાહેલી, શીખ સાંભળો ને માહ્યરીરે;
સાંભળેથી થાય સુખ, ગાઓ ગરબી આ જાહ્યરીરે. ૧
ગાશે તેને થાશે લાભ, લા'વો લેશે ફરી ફરીરે;
આવું ભવસાગરનું પુર, તે તો સે'જે જાશે તરીરે. ૨
ગુરૂ કરેરે અનેક, પુરૂષ પૂજે છે પ્રિતથીરે;
નારીને નારાયણ નાથ, હાથ ઝાલ્યો જે રીતથીરે. ૩
પાળે તેનું વચન, સેવા તેની કરે ખરીરે;
જેવી કુળની મર્યાદ, તેવું ચાલે તે આદરીરે. ૪
પુરૂષ પુજે પાષાણ, સ્ત્રિને નારાયણ નાથમાંરે;
જેથી સાચો સબંધ, હીરો આવ્યો છે હાથમાંરે. ૫
નારીની નિરમળ જે જાત, રાત પાછલી છ ઘડીરે;
ઉઠે નાથને નમીને, જુઠ વાત મુકે પડીરે. ૬
આવી સાસુની પાસ, પાયે લાગીને ઓચરેરે;
હું તો દાસી છું દીન, એમ આવી શેવા કરેરે. ૭
સાસુ બોલ્યાં વચન, ધન્ય ધન્ય છે માતનેરે;
મારો સુધર્યો સંસાર, ગુણ આવે છે જાતનેરે. ૮
કામ કરવાની રીત, પ્રિતે પાણી પેહેલું ગળેરે;
પછી કામ એકાએક, પુંઠે સરવે આવી મળેરે. ૯

ઘર ધંધાનું ધ્યાન, જેવું જ્ઞાન છે વેદનુંરે;
પાર પામે ન કોઇ, ભૂલે બ્રહ્માજી ભેદમાંરે. ૧૦
દીન ઘડી ચડે ચાર, ભોજન ભાવે તેવું કરેરે;
બોલાવે સસરા ને જેઠ, દિયર આગળ ભાણું ધરેરે. ૧૧
કરો પ્રભુજી પ્રસાદ, એવી વાણી વદી રહીરે;
જાણે અમૃતની ધાર, મુખમાંથી આવે વહીરે. ૧૨
ઘેર આવે જે કોઇ, નામ દેઇ ધણી તણુંરે;
તેને આપે આસન, વળી માન દે છે ઘણુંરે. ૧૩
વિવેકે પુછે છે વાત, તેની વરતે છે આંખડીરે;
જેનો જેવો છે બાપ, શીખ દે છે તેની ઘડીરે. ૧૪
બુદ્ધિ જોતાં પ્રધાન, જ્ઞાન જોતાં તે શારદારે;
ધંધો ઘોરીથી વિશેષ, બાપ રાખી કરે સદારે. ૧૫
પરિવાર થયો પુર, પેલા જન્મના જોગથીરે;
કાડયાં પળીઆં અનેક, આવી મળીઆં સંજોગથીરે. ૧૬
મિથ્યા ખાધો મેં માર, સાર સમજ્યામાં આવીઓરે;
જીવ રાખી આનંદ, જીવ જાગી ચેતાવીઓરે. ૧૭
એવી નારીની શીખ, સદા માને ભાવે કરીરે;
ધનવન્તરનો નાથ, સુખ દે છે ફરી ફરીરે. ૧૮

કુભારજા નારી વિષે.

ગરબી.

નાર કભારજા જે કંથને, હાંરે એનો તરણાનો બાપ;
પાપ પુરવનાં આવી મળ્યાં, રાંડ નિત્ય માંડે સંતાપ. નાર. ૧
બા'રેથી આવે રાંડ બોલતીરે, જાણે તાડુકયો સાંઢ;
ધાક ધણી તે કેમ ખમે, હાંરે જાણે ભાગ્યું બ્રહ્માંડ. નાર. ૨
લાજ મુકીને હીંડે લોંકડીરે, જાણે બ્યંડલને વેશ;
દેખીને સરવે ડરીમરે, હાંરે હીણા દેખાય છે કેશ. નાર. ૩

પરણ્યો પરાણે પ્રિતથીરે, તેડી લાવે જો ઘેર;
રંડા ત્યાં રંગ મચાવતી, પુરવનું વળગ્યું આ વેર. નાર. ૪
રસોઇ કરે દીન ચારનીરે, એકે દાહાડે અપાર;
નવાજુની ભેગી કરે, તે કેમ ખૂટે ભંડાર. નાર. ૫
છાશની શોભા શી કહું રે, કહું તો વેર બંધાય;
સુષક* ભરેલાં મહી† સાતછે, હાંરે ભુંડી રાંડ ગંધાય. નાર. ૬
ચાવે‡ ચોરે વગડા વિષેરે, ઘેર ચોરે છે છાણ;
કાણુ કરેરે ધણી તણી, મુલકમાં પાડે છે બાણ§. નાર. ૭
ફજીએ કરીને બેસે લાંધવારે, દેછે મરવાની ધાક;
આજ મરૂંરે ઝેર ખાઈને, પીટયાજી વાઢું તારૂં નાક. નાર. ૮
છોરૂ સંતાપે સેહેજમાંરે, જાણે મોટીનો કાળ;
ગાળ દેતાં લાજે નહિ, હાંરે રાંડ જોતાં રીસાળ. નાર. ૯
કળિયુગમાં નાર કભારજારે, કોનો કાઢીએ દોષ;
કહે ધનવન્તર ધન્ય છે, હાંરે જેણે રાખ્યો સંતોષ. નાર. ૧૦

વ્યસનજીનો વરઘોડો.

ગરબી.

વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો, ચાલવા દો રખે કોઇ ઓડો.
વ્યસન. ટેક.

આવો આજે આણંદ ગુણગાવા, કળી કાળના કુંવર થયા ચાવા;
નામ વ્યસનજી આણુ વરતાવા, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૧
એની જન્મ કથા છે ન્યારી, સાંભળેથી હિંમત જાય હારી;
વરઘોડાની થઇ છે તૈયારી, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૨
દન ઉઠયાનું મૂરત માગ્યું, કાળા કુસંગનું લગન લાગ્યું;
વાટ ઉઠવાનું વાજું વાગ્યું, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૩

---

* ઉદર. † દહીં. ‡ પ્રસિદ્ધપણે. § હાક.

વરઘોડામાં સાજન આવ્યા, હાથ ઘરેણામાં ભુલ થાપ લાવ્યા;
પાન બીડાં સાટે કોયલા ચાવ્યા, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૪
આવ્યા સાજન દળીદર દાગી, મૂરખોજીને ચાટણો અભાગી;
બોહોત, રોચવો ને જુડભાઈ જાગી, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૫
કાળ કબુદ્ધિની દીકરી છે કેવી, એનું નામ ફજેતી દેવી;
એને સમશામાં સમજી લેવી, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૬
એના સાથે થએલો છે વીવા, એને પરણુતે મૂતરબળે દીવા;
એના ઓચ્છવમાં લોક લાગ્યું બીવા, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૭
માંડવામાં તે નુતર જામી, ઉંઘ, આળસને લાલચ ખામી;
માંહી કબુદ્ધિ વ્યસનજીની મામી, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૮
ચડયા સ્વારી કરી સહુ ઘોડે, કરે ખાના જંગીને હાથ જોડે;
કરે જેલ ઝાંઝતાન માન તોડે, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૯
પગ પેંગડે લગામ જાણે ઝાલું, એવે આવ્યું વ્યસનજીને બાલું*;
પડતામાં તો કોણ કહે હાલું, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૧૦
કાળ સાસરો કબુદ્ધિ છે સાસુ, કન્યા ફજેતીની આંખમાં છે આંસુ;
ઢળી પડ્યા ત્યારે લોક ત્યાં વિમાસ્યું, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૧૧
ઉઠે ઢળી પડે ધૂળ ખાય ઝાઝી, કૉઠી જમી તેમાં કુણીઓ ભાગી;
તાળી કુટે ને લોક થાય રાજી, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૧૨
એમ કરતાં તે માંડવામાં આવ્યા, કાળ કન્યાને પરણી ઘેર લાવ્યા;
હાથ પગે એને પાટા બંધાવ્યા, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૧૩
હોકો હાથમાં ને ફરે ઘેર ઘેર, ખાર ભંગણું માગે છે રૂડી પેર;
ખાય તમાકુને થુંકે ઠેર ઠેર, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૧૪
ઘર મૂકીને ચોતરે સૂવે, ઘેર કબીલો ને છોકરાં રૂવે;
મુઆ જીવતાની વાટ શીદ જુએ, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૧૫
લખપતિ ને રાજા હોય મોટા, કરે વ્યસન તો ખેલ થાય ખોટા;
એને આવે અક્કલમાં તોટા, વ્યસનજીનો વરઘોડો રે વરઘોડો. ૧૬

---

* કફનું લેહેરૂં.

જાય અક્કલ ને નાશ થાય નાણું, જીભ ચાટણી થઈ તો જોઇએ ખાણું;
ઘરમાં રાંડ કહે સુખ શું હું માણું, વ્યસનજીનો વરઘોડોરે વરઘોડો. ૧૭
ગળે હાડ ને હિંમત જાય હારી, ધંધા ઉદ્યમની વાત લાગે ખારી;
લાજ શરમ પગે લાગીને પધારી, વ્યસનજીનો વરઘોડોરે વરઘોડો. ૧૮
થાય બેઠક બગાડની ભરેલી, નિત્ય નિંદા છે ઠીક ત્યાં ઠરેલી;
જૂઠ જોરાવરે કચેરી કરેલી, વ્યસનજીનો વરઘોડોરે વરઘોડો. ૧૯
એવી વાત વ્યસનજીની જોઈ, તમે વ્યસન ન કરશો કોઇ;
વ્યસન કર્યું તેણે આબરૂ ખોઈ, વ્યસનજીનો વરઘોડોરે વરઘોડો. ૨૦
એનાં ગપ્પાં દેખીને ગપ જોડ્યું, પાપ ટોળામાં તો પાપને મેં છોડ્યું;
ધનવન્તરે લગાર નથી ઓડ્યું, વ્યસનજીનો વરઘોડોરે વરઘોડો. ૨૧

અનસૂયાની ગરબી.

આવો આનંદ આજેરે, ગાયત્રીના ગુણ ગાવા;
નવરાત્રી છે નિરમળરે, ચરણરજ લ્યો લા'વા. ૧
મહંમાયાનો મહિમારે, સરોવર માન તણો;
હૃદકમળ કળામાંરે, ભર્યો . મન ભાવ ઘણો. ૨
માનું મન સાગર છેરે, દૂધ તો દયા દરિયો;
કરૂણા જેને કીધીરે, સાગર મુખમાં ઝરિયો. ૩
કથા તેની કહું છુંરે, ધાવ્યા જન જે માને;
સમરથ થૈ બેઠારે, પૂરણ પદ પય પાને. ૪
રેવાજીની તીરેરે, ઓર સંગમ પાસે;
ઋષિ અત્રિનો આશ્રમરે, વૈકુંઠ શોભા છે. ૫
અનસૂયા ત્યાં નારીરે, દેવિ જેવી મહંમાયા;
તપ તેનું ત્યાં જોઈનેરે, ઋષિ*દેવે ગુણ ગાયા. ૬
કીર્તિ તેની ત્યાં સુણતાંરે, બ્રહ્મા હરિ હર જોવા;
પરપંચ કરીનેરે, ગયા તેનું તપ ખોવા. ૭

* નારદ.

સન્યાશીને વેષેરે, અભ્યાગત થૈ એવા;
એને બારણે જઈનેરે, બોલ્યા ભિક્ષા લેવા. ૮
અનસૂયાએ આવીરે, આપ્યું આસન આણી;
બેસારી તે ઘરમાંરે, ગયાં જુક્તિ જાણી. ૯
કહ્યું સ્વામિને સાચુંરે, અતિથીએ આવ્યા છે;
આજ્ઞા શી કરો છોરે, ફૂજેતીના ફાવ્યા છે. ૧૦
ઋષિ અત્રિએ બોલ્યારે, ઈચ્છા એમની ઉચરે;
આપો આહાર ઇહાંનેરે, જેથી સાચો ધર્મ તરે. ૧૧
સતિ છો સમરથ શુંરે,વિચારો છો મન્ન વિષે;
સાચામાં તો સાચુંરે, કપટમાં તો કષ્ટ દીસે. ૧૨
અનસૂયા ઇહાંથીરે, આવ્યાં અતિથી પાસે;
અન્ન આગળ મુકયુંરે, જમો તમે સન્યાસ. ૧૩
ત્યારે દેવ એ બોલ્યારે, અન્ન અમે નવ જમીએ;
દૂધ દેહ અમારોરે, પય પીવા રમિએ. ૧૪
અનસૂયાએ ઉઠીરે, આણ્યું દૂધ ધેનુંનું;
ધૂણે શીશ ભીખારીરે, માત વિના પય કોનું. ૧૫
પશુનું તો પશુનેરે, માણસનું તો માણસને;
નજરે પડયું ન ખપેરે, અમારા તો તનરે. ૧૬
ત્યારે સમજયાં એ સાચુંરે,સતી સમરથ ધરણી;
જળ હાથમાં લીધુંરે, ધર્યું ધ્યાન તપ કરણી. ૧૭
અંજલી જહાં અરપીરે, થયાં શીશુ ત્રણ ત્યહાં;
બાળક માસ એનાંરે, રૂવે ત્રણ ઉહાં ઉહાં. ૧૮
ઉર આગળ લીધારે, ધવરાવ્યા ધાઇ;
હરિ હર બ્રહ્માનેરે, ઝૂલાવે છે ગુણ ગાઈ. ૧૯
ઉમા લક્ષ્મિ સાવિત્રીરે, કરે શોધ સ્વામિની;
અનસૂયા ત્યાં દીઠીરે, પોતાની ત્યાં દામિની. ૨૦
અનસૂયાએ આદરરે, દીધો દરશન પામી;
આ મેં દીઠો અચંબોરે, શોધો છો તમે સ્વામિ. ૨૧

દેવિયો એમ કહે છેરે, કૌતક આ તો નરખ્યું;
સુત ત્રણ તમારેરે, જોઇને જગત હરખ્યું. ૨૨
એમ કહીને તે ઉઠયાંરે, પારણાની પાસ ગયાં;
બાળક બળ દેખીરે, જાંણી જળ મોહી રહ્યાં. ૨૩
ઉમિયાજી કહે છેરે, રૂપ આ તો છે સાચું;
ઓળખાંણા નહિ એરે, નથી તારૂં તપ કાચું. ૨૪
રૂષિ અત્રિએ આવીરે, કહ્યું નીજ નારીને;
આપો પુરુષ પહાંનારે, પ્રભુ પ્રિત ધારીને. ૨૫
પૂત્ર પારણે રાખીરે, ઉઠયા દેવ ત્રણ સહી;
આ સુત અમ સરખારે, ગયા દેવ ત્રણ કહી. ૨૬
બ્રહ્મદેવને ઠામેરે, રૂષિ ચંદ્રમા ચાયા;
દત્તદેવ નારાયણરે, ગુણે કરી ગુરૂ ગાયા. ૨૭
દૂરવાસાએ શંકરરે, તે ધનવન્તર જાણે;
પયપાન કરેથીરે, મહા પદને માણે. ૨૮

શંકર સ્વામિનું આખ્યાન.

રાગ ઉપર પ્રમાણે.

મહિમા વળી માનોરે, ગાવા મારૂં મન હરખે;
આઇ આપે અતિ સુખરે, અમૃત નયને નિરખે. ૧
કથા બીજી કહું છુંરે, જેમાં ગુરૂજ્ઞાન ઘણું;
આખ્યાન છે અદભૂતરે, આ શંકર સ્વામિતણું. ૨
દેશ દ્રવિડ દયાળુરે, ગામ ગુણવંત ગજે;
તેમાં વિપ્ર વસેછેરે, ભવાનીને ભાવે ભજે. ૩
પુત્ર એક અનુપમરે, નારી નિરમળ લલીતા;
જુક્તિનું છે જોડુંરે, જેવાં સાગર સરિતા. ૪
ગામથી કોશ ઝાઝુંરે, દેવળ એક દેવીતણું;
મુરતી મહા સુંદરરે, જેમાં તત્વ તેજ ઘણું. ૫

નામ નંદા ભવાનીરે, ભજે થકી ભય ટાળે;
પરગટ એમ પોતેરે, જોતે જોત અજવાળે. ૬
તેની પુજાને કારણુરે, વળી વિપ્ર એ આવે;
દધી, દૂધ, ફળાદિકરે, પૂજા પરગટ લાવે. ૭
દૂધ શેષ વધારીરે, લાવે સુતને સારૂ;
પીએ પુત્ર પ્રસાદીરે, થાવાનું છે હિતકારૂ. ૮
પુત્ર પીને પુછેછેરે, માતા પીને આપે છે;
તાત કે'છે હા ભાઇરે, તારાં કષ્ટ કાપે છે. ૯
સુતે સાચું માન્યું છેરે, માજી નિત્ય દુધ પીએ;
મોકલે મુજ સારૂરે, સમજી એમ શેષ લિએ. ૧૦
એમ કરતાં ઘણા દીનરે, ગયા દેવિ શેવામાં;
પરગામ જવાનુંરે, વિપ્રને એવામાં. ૧૧
નરનારીને કે'છેરે, જાવું પરગામ પડે;
મહંમાયાનું પુજનરે, કરે કોણ દૂધ વડે. ૧૨
નારી કે'છે નિશ્ચંતરે, પધારો પ્રભુ પ્રેમે;
પુત્ર કરશે તમારોરે, પુજા નિરમળ નેમે. ૧૩
દેવી ધ્યાન ધરીનેરે, વિપ્ર ગયો વિશ્વાસી;
કરશે સુત સાચુંરે, અકકલ અંતર ભાસી. ૧૪
રાત ગઇ ઘર ધંધેરે, * વાયું બીજે દિન †વાણું;
સુતને સહુ સોંપ્યુંરે, પુજાપદ તરભાણું. ૧૫
દૂધ, ધુપને દીવોરે, ફુલ ‡માંહી ફોફળ છે;
પુત્ર પ્રેમશું ચાલ્યોરે, પૂજાની તો આ પળ છે. ૧૬
માને મંદિર આવીરે, બોલ્યો જય જય વાણી;
ભેટયાં ભાવે ભવાનીરે, ચરણ શીશ શું માણી. ૧૭
પુજા પુરણ કીધીરે, યથાવિધિ વેદ વડે;
પામ્યો આનંદ અંતરરે, એમાં કેમ ચૂક પડે. ૧૮

---

* થયું † સહવાર પ્રભાત. ‡ અંદર.

નૈવેદ લઈનેરે, નજર કર્યું પય પાવા;
દૂધ પ્યાલામાં પુરીરે, બેઠો માના ગુણ ગાવા. ૧૯
એમ કરતાં ઘટીકારે, ગઈ કોણ દૂધ પીએ;
જાણતો નથી બાળકરે, ધરીને તો પાછું લીએ. ૨૦
જાણે પીશે મા સાચુંરે, વધારી મને આપશે;
પીધા વિના ન ચાલેરે, ભૂખે માને દુઃખ વાપશે. ૨૧
વાર વિશેષ થયાથીરે, બાળક બહુ ગભરાયો;
દૂધ છે મારા ઘરનુંરે, બીજાનું હું નથી લાવ્યો. ૨૨
વાર કરવાનું કારણરે, કહો મુજને મુખથી;
વાંક શો છે હમારોરે, પીતાં નથી શા દુઃખથી. ૨૩
પીઓ નહિ તો હું પાડુંરે, દેહ મારો દુઃખે કરી;
એમ કહીને ત્યાં કરમાંરે, બાળકે તો લીધી છરી. ૨૪
ભણે ભોળી ભવાનીરે, બેટા લાવો દૂધ પીયું;
કર લાંબો કરીનેરે,પ્યાલું મુખ માંહી લીયું*. ૨૫
દૂધ પીને તે પ્યાલુંરે, ઠાલું પાછું મા દેછે;
આશાએ સુત ઉભોરે, વચન કેવાં કે'છે. ૨૬
પુત્ર પાત્રને પટકીરે, અટકી મુખ એમ બોલે;
નિત્ય આપે વધારીરે, આજ માતું શું ભૂલે. ૨૭
આઇ આશાએ આવ્યોરે,આશા ભંગ કેમ કીધી;
ભાગ મારો ન આપ્યોરે, પ્રસાદી પોતે પીધી. ૨૮
નયને પૂર પાણીરે, બોલે બાળક વાણી;
દેવી વાંકમાં આવીરે, શીશુ થકી શરમાણી. ૨૯
પ્રેમ પુરણ આવ્યોરે, પોતાને ચઢયો પાનો;
ઉર આગળ લીધોરે, છૈયાને† રાખ્યો છાનો. ૩૦
દૂધ તારૂં મેં પીધુંરે, મારૂં દૂધ ધવરાવું;
સ્તન આપ્યા છે મૂખમાંરે,ગુણ એના શા ગાવું. ૩૧

---

* લીધું. † છોકરા, બાળક.

માના હૃદયકમળમાંરે, સરોવર માન વસે;
શારદા સંપૂરણરે, બાળકના તો મન વસે. ૩૨
જ્ઞાન સાગર પીધોરે, લખી શું લખે લેખે;
એતો રસ કોઈ ન્યારોરે, બ્રહ્માદિક શું દેખે. ૩૩
ઘેર બાળક પોહોંચ્યોરે, શંકર રૂપ બણી;
તો તે પૂછ્યું ત્યાં આવીરે,વાણી જાણે મંત્રમણી. ૩૪
આખ્યાન આ પુરૂંરે, કથા સંક્ષેપે કહી;
સ્વામિ શંકર પ્રગટ્યારે,વાણી જાણે ગંગા વહી. ૩૫
મહિમા માનો ગાશેરે, થાશે સુખ સહુજનને;
ધનવન્તર વાણીરે, માણી લ્યો પરમ પદને. ૩૬

અંબીકાનો ગરબો.

માનસીક પુજનનો.

અંબે માતના પ્રતાપથી નથી કમી જો,
મારૂં મન્ન સદા પાવલે રહ્યું રમી જો. ટેક.
મંત્ર તંત્ર જંત્ર જાણુતો નથી કશું જો,
આદ્ય ધામ નામ આવી અંગમાં વસ્યું જો; અંબે૦ ૧
નથી ગર્વ સર્વ જન્નથી હું રંક છું જો,
બાળા બાદ્યની સગાઈથી નિઃશંક છું જો; અંબે૦ ૨
થયો અંગમાં ઉદય તે દયા વડે જો,
મુળાધાર થકી ધામની ખબર પડે જો; અંબે૦ ૩
દળ ચારનું કમળ વેદ વર્ણનું જો,
ત્યાં તો સુખ ગુણનાથના એ શર્ણનું જો; અંબે૦ ૪
દેહ દેવળમાં દેવની બની ગતી જો,
ખટ પાંખડીના પદ્મમાં પ્રજાપતિ જો; અંબે૦ ૫
મણિપુર સુર નુર તે વડે થકી જો,
હરિધામમાં તે લક્ષ્મી જડે નકી જો; અંબે૦ ૬

કઠણ કર્મ પાસ નાશ શિવજી કરે જો,
બાર તાર ને આધાર ચાર ત્યાં ફરે જો; અંબે૦ ૭
આદિ સોળ કળા કંઠ તે વરી રહી જો,
વાણી વૈખરી તે શબ્દને ધરી રહી જો; અંબે૦ ૮
સોહંકારને સુમારે અજપા જપે જો,
દળ યુગલમાં તેજ ત્રણનું ખપે જો; અંબે૦ ૯
મુળાધાર એ મહિ ઉપર આકાશ છે જો,
માહા ધામમાં ગુરુતણો નિવાસ છે જો; અંબે૦ ૧૦
એવું જ્ઞાનનું ગગન મેં તો ભાળિયું જો,
તેના પુણ્ય વડે પાપને પ્રજાળીયું જો; અંબે૦ ૧૧
એમ જાણીયું મેં સુખ મહા માણીયું જો,
અંગ આપણામાં તીર્થ સહુ આણીયું જો; અંબે૦ ૧૨
ઈડા પીંગળા ને મધ્ય તે મોટી નદી જો,
તેના સ્નાન વડે નિર્મળ થયું રદી* જો; અંબે૦ ૧૩
માટે વાણી મારી જાણી લેજો જપ સહી જો,
મારે આપના વિના બીજાની ખપ નહીં જો; અંબે૦ ૧૪
મારા હાથની ફેરવણી ફરે બહુ જો,
મુદ્રા ન્યાસને ઠેકાણે જાણજો સહુ જો; અંબે૦ ૧૫
ભક્તિ પેટમાં પ્રગટી પ્રેમ લક્ષણા જો,
મારે ચાલવું તે આઇને પ્રદક્ષિણા જો; અંબે૦ ૧૬
પાપ પુન્યનું સાકલ્ય ભરી મનમાં જો,
અભિમાન પશુ હોમીઓ હવનમાં જો; અંબે૦ ૧૭
ચિત વન્હિમાં ચારી કરી વિભુતિયો જો,
જમું કોળીએ તે આઇને આહુતીઓ જો; અંબે૦ ૧૮
કરૂં શયન તે દંડવત કારણે જો,
કામ કળા આઇ ઉપર હું વારણે જો; અંબે૦ ૧૯

---

* હૃદય.

દેહ અભંગનો રંગ કામદેવ, શોભે જો,
જેવી શેવી દેવી તેવી લીલા પામશો જો; અંબે૦ ૨૦
એવો કમળ પુજાનો પાઠ જે કરે જો,
નવ નિદ્ધિ રિદ્ધિ સિદ્ધિ સેજમાં ભરે જો; અંબે૦ ૨૧
ફળ સકળ વળે છે ચંડી પાઠનું જો,
જુઠ જાણશો ન કવિતાના ઠાઠનું જો; અંબે૦ ૨૨
પુત્ર પારણાની ઘેર નિત્ય ધુમડી જો,
જીવે વર્ષ તે વિશેષ આઇ છો ઘણી જો; અંબે૦ ૨૩
ગરબો ગાયને પુજાય પદ આઇનાં જો,
ધનવન્તરનાં વચન વધાઇનાં જો; અંબે૦ ૨૪

રાજવંશીને ઉપદેશ.

બેડો બાઈ બુડતો તારોરે, અંબે આઈ પાર ઉતારોરે.—એ રાગ.

જોજો તમે ઠાકોર થાતારે, રીત વિના રાજને ચા'તારે; ટેક.
ઠાકોર થાઓ તો ભલે થજો બાપ, માનજો મારી શીખ;
વ્યસનથી તમે વેગળા રહેજો, નહિતર માગશો ભીખ. જોજો.
વ્યસન પાછળ પંચ આવે, તેની પુરી ન કરશો પ્રિત;
એ પંચને તમે પો'ચી શકો તો, થાય તમારી જીત. જોજો.
ઉંઘ આળસ ને અન્ન ન ભાવે, તર્ત તો આવે તાન;
બીજ બગાડે એ મોટું છે ખોટું, થાય નહિ સંતાન. જોજો.
અક્કલ ઓટલે ઉંધી જાશે, થાશે દેવું ઠેર ઠેર;
અંડ ઠેકાણે ગંડ બનાવતાં, જપતી આવશે ઘેર. જોજો.
ઠાકોર થૈને શું કરવું જુઓ, દેવું ન કરશો દામ;
રાવણુ રાજા મારી નાખ્યો, એવા અંગે ચડે આઠ રામ*. જોજો.
અમલ તો આરોગીને બેઠા, ખુંખારા કરી ખૂબ;
બંધન આપી ઉલટું અમલ, ડુંટીમાં થૈ ગયું ડુબ. જોજો.

---

* આઠ રામ—એટલે આઠ દોકડા લેખેનું વ્યાજ.

જગતમાં એવું કે'વણ છે, કર્યું દેવું તેના થયા દાસ;
રાજા થૈને રીત ન જાણી, શે નથી ખાતા ઘાસ. જોજો.
રાજા રૈયતમાં અંતર શો જુઓ, રાજા અક્કલનું પેડ;
વ્યસન તો વણું નીચ કરે છે, માટી તો ખાય છે ઢેડ. જોજો.
રાજા જાણે હું રૈયતનો પતિ, જેવો નારીને કંથ;
રાણીઓ વાણિયા ભેગી થૈને, પરભાર્યો કાઢશે પંથ. જોજો.
વ્યસનને વરદાન મળ્યું, આપી પુંછડે રોખડ છાપ;
પાપ કરે તેના પેટમાં પેસી, બેશી દેજે ભૂલ થાપ. જોજો.
જમી જેને કામધેનુઓ દુઝે, પુજે પ્રજા બહુ પ્રેમ;
રાજા તો તાજા થાય રીતે, ભંડારે ભરીઆં હેમ. જોજો.
પ્રજાને પીડીને પૈસો પામ્યા, ઉડાડ્યો એ અધર્મ;
મર્મ ન જાણ્યો રાજનીતિનો, શઠને નાવી શર્મ. જોજો.
માણસને મુળ મોટો બગાડો, કરમે આવે જો કુસંગ;
કુસંગનાં ફળ ચાર છે ઝેરી, વેરી વાઢે જેમ અંગ. જોજો.
વ્યસન, ચોરી, જુગાર, છિનાળું, એ ફળ આપે છે કુસંગ;
વિંછણનાં બચ્ચાં અવતરતામાં, ખાય વિંછણનું અંગ. જોજો.
અરે અભાગીએ ઉંધું માર્યું, આવેલું આપણું રાજ;
અન્ન મુકી તમે અખજ ખાધું, ખાતાં ન આવી લાજ. જોજો.
દન ઉઠયો તેને દેવી નહિ કાંઇ, શિખામણની વાત;
અકરમીને અમૃત પાતાં, ઉલટી મારે લાત. જોજો.
તમે થયા છો વ્યસન ધરમી, અધર્મનો ન સુમાર;
ક્ષત્રી નામને નુકશાન આપ્યું. ગુરુ વિનાના ગુમાર. જોજો.
ગુરુ નથી ને નથી બળ બીજમાં, નથી ધરમનો રંગ;
બિષય વાસના વિંટી વળી, તેથી ઉધેઈ લાગી છે અંગ. જોજો.
ક્ષત્રી ધર્મનો મર્મ બતાવું તે, સાંભળજો ધરી કાન;
રાજ તમારૂં રૂડું ચાલશે, ફાલશે દેવ સમાન. જોજો.
અચલ દાનને યુદ્ધમાં ડાહાપણ, થાંપણ રૈયત ઠીક;
દેવ ઉપાસના નિરમળ વાસના, દાસની ટાળવી બીક. જોજો.

શસ્ત્રની સમજણ લ્યો સારી, હિમતનું હથિયાર;
શામ, દામને ભેદ વિદ્યામાં, મર્મથી દેજો માર. જોજો.
દુષ્ટને દંડ દયા હરિજનને, મનને રાખવું વશ;
ધીરજ વીરજ થૈને રેહેવું, લેવો જગતમાં જશ. જોજો.
ધનતો રાખવું જુઠ ન ભાખવું, ચાખવો પારકો પ્રેમ;
શત્રુનો સંગ વ્યસન વિના થૈ, પરનારીનું નેંમ. જોજો.
જાગતું રેહેવું જરૂર એ જાણો, કરવો વેગ વિચાર;
ચાડિયા ખોડિયા કાને ચડે તો, તેથી ન થૈએ લાચાર. જોજો.
અંતર એવું જાણી લેવું, કાળની કઠણ ચોટ;
આ પામ્યાને આગળ પામવા, ખેલમાં નાવે ખોટ. જોજો.
થોડામાં તો ઘણું સમજવું, પંડિત રાખી પાસ;
રાજ વિદ્યાની રિત્યો જાણવા, કુસંગ કરવો નાશ. જોજો.
દેશી રાજથી દુઃખ ન આવે,એવી જગતમાં છે આશ;
માટે તમે મારી માનજો આટલી,શિખામણ લઇ પાસ. જોજો.
આંબલીઆળેથી આવતાં વાટમાં, કવિતા પદથ્યાં *સાઠ,
સંવત ઓગણી ચાલીસમાં કર્યાં, પ્રેમથી રાખજો પાઠ. જોજો.
ઠાકોર સાહેબે આપ્યું ઘોડું મને,જોડું વળાવો †કિરાત;
બે કોશમાં અફસોસ કરાવતાં,પાછું વાળ્યું એવી વાત. જોજો.
પ્રભુ પુજીને આશિરવાદ દીજે, એતો અમારો છે ધર્મ;
ધનવન્તર અન્તરમાં વાહાલા, નજર રાખજો નર્મ. જોજો.

જ્ઞાન ચોસર

પદ.

પ્રાણી લ્યો, પ્રાણી લ્યો, પ્રાણી લ્યો, પ્રેમરસ પ્રાણી લ્યો;
સતસંગ માણી લ્યો, આવો અવસર ક્યાંથી આવશે જાણીઃ ટેક.

*આ કવિતામાં સાઠ પદની સંખ્યા જણાવી છે. તેમાંનાં ૩૦ પદ રાજવંશીને ઉપદેશનાં, ને ૩૦ પદ હષિકુળ વિષે છે તે બીજું પુસ્તક છપાવવા હમારો વિચાર છે; તેમાં આવશે. †ઠાકરડો, ભીલ.

તું ના કરે તો કામ થાય છે આપે, એવું જાણીને જીવરે'તું તારા માપે;
તારા બાપે મૂકી તે આ તને વળગશે લ્યા ધાણી લ્યો: પ્રેમ૦ ૧
તારા દેહમાં છે દેવ તેને કયારે તું સંભાળે,
કાશી ગંગાજી જવા શું ચડયો છે ફાળે;
થડને મુકીને ડાળે વળગવું શું તાણી લ્યો. પ્રેમરસ૦ ૨
આ છે દેખત ભુલીનો ખેલ કર્યું કામ કાચું,
તું શું જાણુતો નથી હું જુઠો વેશ કરી નાચું;
સાચું સમજ્યા વિના સર્વ ધુળધાણી લ્યો. પ્રેમરસ૦ ૩
એવું વિચારી દીવો દેહમાંહી કીજે,
જડે વસ્તુ વિવેક ત્યારે ગુરુદેવ રીઝે;
લીજે લાવો ગુરુજ્ઞાન ગમ આતમામાં આણી લ્યો. પ્રેમરસ૦ ૪
કામ, ક્રોધ, લોભ, મોહ પંચ મળ્યું પાસે,
તેને ઉલટું ચલાવે તને જ્ઞાન કયાંથી થાશે;
જાશે જીવ રોશે રાંક રાજા ને રાણી લ્યો. પ્રેમરસ૦ ૫
મરવું અવતરવું મટે એવું કામ કરવું,
આ છે આતમા આનંદરૂપ તેનું ધ્યાન ધરવું;
તરવું ભવસાગરમાં મહામોહ પાણી લ્યો. પ્રેમરસ૦ ૬
ધનનો જે સાર સુખ પુન્ય કરી માણે,
દેહ સાર જ્ઞાન ઉપગાર કરી જાણે;
આટાણે ચૂકે તો તેને જાણુવો મશાંણી લ્યો. પ્રેમરસ૦ ૭
તું જાગી જુવે તો જીવ એજ શીવ સાચા,
બોલે પ્રગટ પ્રકાશ પૂરણ બ્રહ્મમાંહે વાચા;
બીજાં કાચાં એને કર્યાં જેવાં રમકડાં શમાણી લ્યો. પ્રેમરસ૦ ૮
તીર્થ વ્રત વડે કરો સંતસંગ સાચો,
પુજો શુર્તિમાં મૂર્તિ રખે ભાવ ધરો કાચો;
એવો જાચો સાચો જોગ આણી પુરૂષ પુરાણી લ્યો. પ્રેમરસ૦ ૯
એવું વિચારી જુવો જ્ઞાન ઘર ગોતી,

માયા મંજન કરોં તો મન મજાનું છે મોતી;
જ્યોતી રૂપ જાણવા આ ધનવન્તર વાણી લ્યો. પ્રેમરસ૦ ૧૦

રાગ ઉપર પ્રમાણે.

જાગીજો જાગીજો જાગીજો અંધકાર ત્યાગીજો;
વાગી ઘડીઆળ કાળ કહે ભર્મ ભાગી. ટેક.
જાગો જેને જાણીએ જે હ્રદય નેન ખોલે,
કોટી શશી સૂર્ય સમ તેજ તેનું તોલે;
બોલે બીજ વાણીસાર બારને આધાર,
ચાર તાર તંત લાગી જો. અંધકાર. ૧
નેનનું જે નીર્ખવું તે પર્ખવું છે પોતે,
આ જેવાં છે બીજાં નેન પૂર્ણ બ્રહ્મ જોતે;
ગોતે ગુરુ જ્ઞાન વડે જડે જોગ જાગી જો. અંધકાર. ૨
તું દેખી શકે તો દેખ લેખ છે જો ન્યાળી,
ભુતને ભવીષ વર્તમાનમાં સંભાળી;
પાળીનાં તેં ટાળી મોહવાળી વાત નાગી જો. અંધકાર. ૩
જોજન જરૂર એક આતો આંખ ભાળે,
અનુભવી હવી રવી અંધકાર ટાળે;
વાળે ગંગ જ્ઞાન ઘટ પ્રાણુ ઘો પ્રયાગીજો. અંધકાર. ૪
કાળની જે ફાળ ઝાળ ઝપટને જોતું,
વિષય જંજાળ ઝેર લપટને ધોતું;
ધોતું તારૂં ધ્યાન જ્ઞાન દાન દેશ માગી જો. અંધકાર ૫
આજ કાલ કરી ફરી ફેરમાં પડીને,
જન્મ જરા મર્ણ શર્ણ ચાકડે ચડીને;
તેથી જડી નહીં જાત, તારી તને તો સોહાગીજો. અંધકાર. ૬
તારૂં તને જડે તો ન નડે કર્મ કોઈ,
તારા વિના બીજો નથી જાણજે તું જોઈ;
હોઈ લે તું જ્ઞાન ગાય જાય ભુખ ભાગીજો. અંધકાર. ૭

સ્થાવર જંગમ સર્વ આપ રૂપ જાણે,
કરે દાન દયા નહીં નંદેને વખાણે;
આણે પ્રેમ આરપાર છેક અનુંરાગીજો. અંધકાર ૮
પ્રેમ પાત્ર માત્ર ગાત્ર જરણા જેમાં જામી,
એવા જીવન મુકત જાણવા જે સર્વના છે સ્વામી;
કામી, ક્રોધી, વિરોધીને શોધી દુર દાગીજો. અંધકાર. ૯
આ ભવ સંસાર પાર પામવાને પોતે,
ગુરુ ચર્ણ શર્ણ નાવ જડયું જેને જોતે;
ધનવન્તરે ધારી નહીં તો હતી વાત આધીજો. અંધકાર. ૧૦

રાગ ઉપર પ્રમાણે.

શેવાજો શેવાજો શેવાજો સદાશીવ શેવાજો,
દેવ આ પ્રકાશ પંચ સદા શર્ણ શેવા. ટેક.
પંચ મહા ભુત મળી ફળી ફુલ કાયા,
ગજાનંદ, શિવ, હરી, રવિ, મહંમાયા;
ગાયા ગુણ ત્રણ વેદ, ભેદ ખેદ જાય જેવાજો. સદાશિવ૦ ૧
ભૂમી ગણનાથ દેવ મુળાધાર ધારી,
જળ એ જગદીશ હરિ નાભીના વિહારી;
ધારીએ હૃદય વાયુ નામ મહાદેવાજો. સદાશિવ૦ ૨
ભ્રકુટીમાં ત્રણ તેજ રવિ શશિ રે' છે,
પાવક પ્રકાશ આશ ભાસ ત્યાં કરે છે;
ધરે છે ત્યાં ધ્યાન અર્થ તીર્થ ગંગ રેવાજો. સદાશિવ૦ ૩
કુંડીલીની માયા કાયા સર્વમાં રમે છે,
મુળાધાર ગુરુધામ જોગમાં ગમે છે;
નમે છે દેવીને ચર્ણ શર્ણ સ્વાદ લેવાજો. સદાશિવ૦ ૪
એવા પંચ તનું મુર્તિ શુર્તી ધ્યાન માંહી ધારી,
આદર આણંદ કંદ વંદના હમારી;
પરીહારી પાપ, આપ વ્યાપ, ધામ છે રચેવાજો. સદાશિવ૦ ૫

જ્ઞાન ગંગ વારી ધારી ધ્યાન માં નવાવું,
અર્ઘ પાદ્ય પુજન હું ભાવનાએ ભાવું;
વસાવું -હદય ધામ નામ લાવ લેવાજો. સદાશિવ૦ ૬
જરણા એ અષ્ટ ગંધ કષ્ટ કાપવાને,
ફુલ છે પ્રફુલ ભાવ સ્થિર સ્થાપવાને;
આપવાને શીશ ચર્ણું શર્ણું રૂં રટેવાજો. સદા. સદાશિવ૦ ૭
ધુપતું સ્વરૂપ શુદ્ધ વાસના હમારી,
ઇન્દ્રીય દમન વન્હિ વાયુ વાસ કારી;
ઉપગારી ગુરુવાણી પ્રેમ આણી શબ્દ જોત જેવાજો. સદાશિવ૦ ૮
દીપક પ્રકાશ આશ મટયું આ અંધારૂં,
એવી જાગી જગમગ જ્યોત જડયું જે અમારૂં;
ધારૂં ધ્યાન ઘંટ નાદ સ્વાદ બ્રહ્મ કે'વાજો. સદાશિવ૦ ૯
અમૃતનો અહાર સાર સંતોષ સોહાવું,
સ્તુતિ કોણ કરે કેની મગ્ન મળી જાવું;
નમાવું હું શીશ ધનવન્તર પગેવાજો. સદાશિવ૦ ૧૦

રાગ ઉપર પ્રમાણે.

ખેલીલ્યો ખેલીલ્યો ખેલીલ્યો દેહધારી ખેલીલ્યો,
આ ભવસંસાર સભા નભાવી લ્યો ખેલી.—ટેક.
હર્ખ, શોક, ફોક, તેજ મળ્યા બે મશાલી,
કાળ અધિપતી ગતિ અતી છે ઉમાલી;
ચાલી રહ્યો નાચ કાચ કોટડી કરેલી લ્યો. દેહ૦ ૧
કામ, ક્રોધ બોધ કરી વાજું જે વગાડે,
મન છે મસ્તાન તાન બનેલું બગાડે;
લગાડે લગન લે'ર ઝેર વેર મેલી લ્યો. દેહ૦ ૨
ઈંદ્રિયો પ્રગટ પાંચ નાયકા રમે છે,
વિશય વિરહ વેગ થાનમાં શમે છે;
ગમે છે ત્યાં ગર્વ સર્વ પર્વ કામ કેલીલ્યો. દેહ૦ ૩

કળ્યું કોનું જાય નહિ નાટક છે નોંખું,
ઈર્ષાને પ્રેમ તેની પોકેલી છે પોંખું;
ઝાંખું જોર તર્ત તેજ નર્ત ફર્ત એલી લ્યો. દેહ૦ ૪
દેખતાં દેખાય જાય જડે નહીં જોતાં,
મુડેલા ગુરુને શીષ ઘણાં મારે ગોથાં;
રોતાં રોતાં આવે જાવે ભુર ડેલા ડેલીલ્યો. દેહ૦ ૫
દરશન ખટરૂપ રમે ખરો ખેલ ખાશો,
આચારજે આવી આપ મુકયો ત્યાં તમાશો;
ભાશો ભોગ ભોગવાને રંગ રેલ રેલી લ્યો. દેહ૦ ૬
એવા અદભૂત અપાર મર્મ ધર્મ નાચનાચી,
જુવોસ્થાવર જંગમ જીવ ચાર લક્ષ જાચી;
સાચી સમજાય કાંઇ જુઠની ભરેલી લ્યો. દેહ૦ ૭
કાગ મટી હંસ રૂપ દંભથી દેખાડે,
હંસને હજારવાર કાગ નામ પાડે;
એવું નભાડે અધર્મ ઠામ ધર્મ ભુંડ ભેલીલ્યો. દેહ૦ ૮
કરતા કામ કરી ખુબ ખ્યાલમાં વશેલો,
ખરાખરી ખોળીએ તો ખૂબ છે ખશેલો;
હશેલો રહે છે દુર માયા છે વરેલી લ્યો. દેહ૦ ૯
સંતસંગ રંગ રાગ વાગ્યોજોગ જંતર,
ગુરુ ગમ જ્ઞાન ધ્યાન મળ્યું માન મંતર;
ધનવન્તર ધારણા ત્યાં ઠીક છે ઠરેલી લ્યો. દેહ૦ ૧૦

સત્ય નારાયણની સ્તુતિ.

તુમ બીન મેરી કોણ ખબર લે. એ રાગ.

શ્રી, સત્ય નારાયણ શર્ણું તમારે,આવ્યો અંત્તર જામીરે; ટેક.
મોર, મુગટ પીતાંબર પેહેને, નંદ કુંવર જદુરાઈરે;
માત જસોમતિ કે તન કોમળ, કૃષ્ણ કુંવર કનાઈરે. સત્ય. ૧

ગદા પદ્મ ગીરધારી તોરે, શંખ ચક્ર સુખદાઈરે;
બ્રહ્માદિક સનકાદિક સેવે, એ તોરી ચતુરાઇરે. સત્ય. ૨
ભાલ તિલક કર બંસી બાજે, મોહલીઓ જગ છાઇરે;
તોરી લીલા તુંહીં પેહેચાને, આપામર જીવ પસ્તાઇરે. સત્ય. ૩
અપરંપાર અપારહી લીલા, બરનન કરી ન જાઇરે;
નિરાકાર નિરંજન પ્રણમું, આ પદ રસ દિલગાઇરે. સત્ય. ૪
શ્રષ્ટિ સર્વ તુમ્હારે શરણે, કરતા પ્રભુ સુખદાઇરે;
પીંડ અધરમી બહુ કુકર્મી, પાળક પ્રભુ મન ભાઇરે. સત્ય. ૫
પુર્ણીમા દિન પ્રેમ ધરીકો, કરે વિધિવ્રત ચાહીરે;
પૂર્ણ મનોરથ પામે સિદ્ધિ, એમાં નહિ નવાઇરે. સત્ય. ૬
ભાવ* ભક્તિએ શક્તિ મોટી, એક ચિતકર પાઇરે;
ચિદાનંદ આનંદ અહરનિશ, દિલમેં રહ્યો છવાઇરે. સત્ય. ૭
ધીરજરામ ધરી ધ્યાન નિરંતર, અન્તર ગયો મીલાઇરે;
કરે સ્તુતિ કરૂણાકર માનો, લેજો બખત બચાઇરે. સત્ય. ૮

ભૂવનેશ્વર. મહાદેવની
ગરબી.

ચાલો ડાકોરમાં જઈ વસીએ. એ રાહ.

ચાલો ચાલો સંકટ સૌ હરવા, ભાવે ભૂવનેશ્વર દરશન કરવારે; ટેક.
ઇડર જીલ્લે બારેસી પટ્ટો, ડુંગર ઝાડી થકી છે કટ્ટો;
વસે વાઘ વાંદર જ્યાં વિકટ્ટોરે, ચાલો ચાલો. ૧
દેશાણ થકી દીશા ઉત્તરમાં, વા'લો વસે વિકટ મહાવનમાં;
ધામ નિરખી શિતળ થાય તનમાંરે, ચાલો ચાલો. ૨
સુંદર કુંડ ચંદન કેરી ઝાડી, સુંદર શ્યામ ભોળાની અગાડી;
દરશન કરવા આવે જન દહાડીરે, ચાલો ચાલો. ૩

---

* પ્રેમ લક્ષણા ઉત્તમ ભક્તિ.

કોડ રક્તપીત ને જલંદર, ભારે રોગ આદી જે ભગંદર;
નાશ પામે ભૂવનેશ્વર અંદરરે, ચાલો ચાલો. ૪
મેરૂ વાળે ડુંગર મહંમાયા, ભૂવનેશ્વરી ભૂવન કેરી છાયા;
આદ્ય શક્તિ અખંડ જોગ માયારે, ચાલો ચાલો. ૫
નવી ધર્મશાળા છે ધુરંધર, જન સુખ પામે પૂર્ણ અંદર;
લક્ષ્મણસિંહનો પરિશ્રમ સુંદરરે, ચાલો ચાલો. ૬
સદાશિવ સ્વરૂપ બ્રહ્મચારી, કૃષ્ણાનંદ અખંડ મતિ સારી;
જેણે જન્મ લીધો ત્યાં સુધારીરે, ચાલો ચાલો. ૭
માટે ભાવ ધરી ભજો શંકર, તજી ફોકટ ફંદ આડંબર;
ધીરજરામનું ચિત શિવ અંદરરે, ચાલો ચાલો. ૮

જુઠા મુમત ઝાલનારને શિખામણ.

હરિ ભજન વિના દુઃખં દરિયા સંસારનો પાર ન આવે, એ રાગ.

સમજુ શાણા, મુમત તજીને સુમારગને ઝાલો;
તજી ભયનો માર્ગ, ડર વિનાના રસ્તે સઘ હાં ચાલો. ટેક
ઘણા મૂર્ખજનો મનમાં મા'લે, સુરિત તજી કુરીત ચાલે;
પછી દુઃખ અતિસે તે તણું સાલે, સમજુ શાણા. ૧
બાળાપણમાં લગ્નો કરતાં, દુષ્ટ ચાલ થકી તો નવ ડરતાં;
એવાં માત પિતા શત્રુ બનતાં, સમજુ શાણા. ૨
વિદ્યા ભણવાની વય છોટી, કમાવા તણી ફિકર ચોટી;
એ ક્યાંથી સુધરે પર્ણકુટી, સમજુ શાણા. ૩
વય છોટીમાં બહુ સુખ માણે, વ્યવહારાદિક મર્મ નવ આણે;
ઘર સુત્ર ચલાવી કેમ જાણે, સમજુ શાણા. ૪
કઇ કે'છે ભણી શું કરવું છે, જેમ તેમ કરી પેટ ભરવું છે;
એ મૂર્ખ તણું આચરવું છે, સમજુ શાણા. ૫
કીડીકુંજરને ભક્ષ કોણ દેછે, એક જ્ઞાનેંદ્રિય મગન રહેછે;
વનચર ને તમમાં ફેર શું છે, સમજુ શાણા. ૬

જગકર્ત્તાનો ઉપકાર ગણી, જેણે આપી છે અક્કલ ઘણી;
ખટ શાસ્ત્ર શિખીને થાઓ ભણી, સમજુ શાણા. ૭
વય છોટીમાં જે લગ્ન કરો, એ દુષ્ટ ચાલને કાઢી પરો;
વિદ્યા શિખવ્યા પછી લગ્ન કરો, સમજુ શાણા. ૮
કન્યા વિક્રય તમે કેમ કરો, અઘ ઓઘતણો પુંજ કેમ ભરો;
બાળક વેચતાં શરમાઇ મરો, સમજુ શાણા. ૯
વિક્રય થકી શું ફળ મળે, દારિદ્ર વધે રિદ્ધ સિદ્ધ ટળે;
તે દેખી મારૂં ચિત્ત બળે, સમજુ શાણા. ૧૦
દામ લેવો અતી પ્યારો લાગે, ગરજુ જન તે તો કરે આગે;
એ કન્યાતણાં સૌ નિરભાગ્યે સમજુ શાણા. ૧૧
સૌ સંપી કરો સજનો સારા, જ્ઞાતિ સુધરવાને કરો ધારા;
સાચે દિલથકી સમજો પ્યારા, સમજુ શાણા. ૧૨
ધીરજરામની વિનતી આ ટાણે, કહી રીત ચલાવી જે જાણે;
અવનીમાં અતીશે સુખ માણે, સમજુ શાણા. ૧૩

દોહરો.

કામ કરો સૌ પ્રેમથી, વદું હું વારંવાર;
કન્યા વિક્રય નવ કરે, રીઝે જુગદાધાર. ૧૪

સદાચાર સજવા વિષે.

રઘુપતિરામ હૃદયમાં રેહેજોરે.—એ રાગ.

સદાચાર અંતરમાં નિત્ય સજીએરે, શિવ શંકર ભાવશું ભજીએ;
કાર્તિક માસે કરૂણા કરીનેરે, ધન વિદ્યાનો મદ પરહરીનેરે;
ભોળાનાથનું ધ્યાન ધરીને, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
માગશિર માસે મતિને સુધારીરે, સ્મૃતિ શાસ્ત્ર વાંચો ચિત ધારીરે;
ગતિ પ્રબળ કરો મન મારી, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
પોષે ધર્મ પોતાનો સંભાળીરે, દુરગુણ કરવા તે દૂર નિહાળીરે;
પરીબ્રહ્મશું લાગવા તાળી; સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.

માઘ માસે મેʼનતથી ન ડરીએરે, પરધન પરસ્ત્રી નવ હરીએરે;
પરનિંદા કોની નવ કરીએ, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
ફાગણ માસમાં ફગવા ન ગાવારે, છાણુ મૂતરના શા લાʼવારે;
હરિના ગુણ હરખે ગાવા, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
ચૈત્ર માસમાં ચિંતવન કરીએરે,સમજી સમજીને ડગ સહુ ભરીએરે;
ભવસાગર સેજમાં તરીએ, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
વૈસાખે વિમળ મતિ રાખોરે, કટુ જૂઠ વચન નવ ભાખોરે;
સત્યે સત્ય હૃદય લખી રાખો, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
જેઠે જગત નિયંતાને જાચોરે, પંચ મદને મારો તમાચોરે,
સંતોષે સજન સહુ રાચો, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
અશાડે ઉર અંતરયામીરે, સમરો શ્રીરંગ નિરગુણ સ્વામીરે;
તજી તન, મનની જન ખામી, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
શ્રાવણ માસે સલીલપણું છોડીરે, શિવ સ્મર્ણું કરો પ્રિત જોડીરે;
ધ્યાન ધરવામાં ખરચ ન કોડી, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
ભાદ્રપદમાં સુભાવ ધરીનેરે, છળ કપટનો નાશ કરીનેરે;
સોહં બ્રહ્મનું ધ્યાન ધરીને, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
આશ્વિન માસ ઉત્સવ કેરા દીનરે, ગુરુ જ્ઞાન પ્રકાશમાં લીનરે;
તજવી અંતરતા જે મલીન, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
પુરશોતમ પરિબ્રહ્મ પ્રકાશરે, જગમગ જ્યોતનો જે છે ઉજાશરે;
ગુરુજ્ઞાને પરમ પદ વાસ, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.
તેર માસ પુરણ કર્યા પ્રિતેરે, ગાવે સાંભળે જે એક ચિતેરે;
ધીરજરામ છે નામ નિમિત્ત, સદાચાર અંતરમાં નિત્ય સજીએરે.

મનુષ્યને ચાર વ્યસન.

प्रथमेना पार्जिता विद्या द्वितियेना पार्जितं धनम् ।
तृतीयेना पार्जिता किर्त्तिः चतुर्थे किं करिप्याति. ॥ १ ॥

ગરબી.

ચાલો ડાકોરમાં જઈ વશીએ. એ રાગ.

વારી જાઉં રે વ્યસનડે વ્યસનડે, તાપ ટાળે શીતળ રહે તનડે; હો, વારી.
ઓ મેં વારી જાઉં રે વ્યસનડે વ્યસનડે, વાહલા વારી જાઉં રે
વ્યસનડે વ્યસનડે. ટેક.

નથી ભાંગ, ગાંજો કે દારૂ બીજું, નથી ચોરી છિનાળી કે ત્રીજું;
માનો, માનો, માનો ન ખીજું, હો, વારી જાઉં રે વ્યસનડે વ્યસનડે. ૧
નથી અગલ કસુંબા છે સર્સ, નથી તાડી, માઝમ કે ચડસ;
પાન કરો પ્રિતે ન લાગે તરસ, હો, વારી જાઉં રે વ્યસનડે વ્યસનડે. ૨
બાળ, વૃદ્ધ, યૌવનને જોઇએ, વ્યસન વિના તે સરવે ખોઇએ;
એના વિના અતિસે રોઇએ, હો, વારી જાઉં રે વ્યસનડે વ્યસનડે. ૩
ભલો પામ્યા ભૂવન જન્મ ભાઇ, મનુષ્યા દેહ મળી મહા સુખદાઈ;
વધશે વેગે એનાથી વડાઇ, હો, વારી જાઉં રે વ્યસનડે વ્યસનડે. ૪
પેહેલું ભણવું, રળવું બીજું જાણો, ઇજત બાંધી અનેક સુખ માણો;
અવિનાશીને અન્તર આણો, હો, વારી જાઉં રે વ્યસનડે વ્યસનડે. ૫
વાહાલું કરજો વ્યસન વિખ નાંહીં, વિખ વ્યસન કરો દૂર ક્યાંહીં;
ઉમંગ પ્યાલે ઉતારો ઘટ માંહીં, હો, વારી જાઉં રે વ્યસનડે વ્યસનડે. ૬
ધરો ઉમંગ ધીરાનો ધણી બેલી, પ્રિતે પીઓ પ્રિતમ લ્યો ખેલી;
બીજાં વ્યસન બાજૂ ઘો મેલી, હો, વારી જાઉં રે વ્યસનડે વ્યસનડે. ૭

ભૂવનેશ્વરની સ્તુતિ.

મુજે ઇશ્ક પરીને મારા—એ રાગ.

પ્રભુ ભૂવનેશ્વર સુખદાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ટેક.
વિષ્ણુ, વિરંચી, સનકાદી, તારૂં ધ્યાન ધરે મુનિ આદી;
તુજ મહિમા નિશદીન ગાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ૧
ચ્યવન આશ્રમ ચિતમાં ધારી, ભોળા શંભુની બલીહારી;
વન્દુ ચરણકમળ ચીત ચા'ઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ૨

ભ્રગુ કુંડમાં ભાવ ધરીને, અરૂણુ ઉદય સ્નાન કરીને;
નિરમળ,મૃતિકા અંગલેપાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ૩
કોડ રક્તપીત માહા રોગી, માહાદેવ દીગ્રંબર જોગી;
કંચન, સરખી સુકાયા બનાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ૪
ભૂવનેશ્વરી ભૂવન કેરી માતા, જે છે જગત માત વિખ્યાતા;
મને, ધવરાવો નીજ ધાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઈ. ૫
ચંદનવૃક્ષ ચોપાસ સોહાવે, મારા ભોળાને મન ભાવે;
ખીલ્યું, આનંદનું વન છાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ૬
સનમુખ શાંમળીઓ સુખકારી, મોહન મોરલીધર ગીરધારી;
બંસી, વશ ગોપી જદુરાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ૭
ઉમાપતિ ઈશ્વર સુખદાતા, ગજવદન ગણેશ ગવાતા;
પ્રથમ, પુજન મંગળદાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ૮
ઇડર દેશમાં પંચ પ્રકાશ, ભ્રગુ, બ્રહ્મા, ગદાધર વાસ;
કળ,નાથ ભૂવન ઇશ ભાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ૯
સહુ દેવના છો અધિદેવ, શિવશંકર જય માહાદેવ;
પશુ,પતિ ગતિ ન કળાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ૧૦
પ્રભુ અલ્પમતિ અજ્ઞાની, મુઢ બાળક છું એમાંની;
શિવ, સચરાચર જગ છાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ૧૧
શિવ શર્ણુ ચરણ ગુણુ ગાઉં, પ્રેમભક્તિ પરમપદ ચાઉં;
ધીરજ, અંતરમાં સુખદાઇ, કાપો નીજ જનનાં દુ:ખધાઇ. ૧૨

મમ હારદ.

દોહરા.

ગુણવંતી ગુજરાતમાં, દેશ ઇડર વિખ્યાત;
સૂર્યવંશ રાઠોડ શ્રી, કેસરીસિંહ પ્રખ્યાત. ૧
મહારાજ ધીરાજ શ્રી, સત્યધર્મ અનુસાર;
હરિ ભક્તિ હૃદયે રમે, નિરમળ ગુણુ ભંડાર. ૨

ચંદ્ર બીંબ સમ મુખકમળ,બદન સકોમળ બેશ;
મારવાડ નાની મહીં, ઓપે અદલ નરેશ. ૩
અદલ ન્યાયને કારણે, આવ્યો અંતર આશ;
ગુણીજન વા મુરખ ગણો, સુણી આ ઈતિહાસ. ૪
નહીં હરખ બહુ શોક છે,દિલગિરીનું ધમશાણુ;
પાર ઉતારો કે પછી, પોં'ચાડો સમશાણુ. ૫

ભુજંગી છંદ.

ખરી દેશની દાઝ જાણો નરેંદ્રો,ખરી દાઝ જાણી હણોઆ ઉપદ્રો;
પીડા નાશ પામે થશે દેશતાજો, અરેરે ? નરેંદ્રો જરા એક લાજો. ૬
જુઓ દેહ તેમાં વળી ભૂપતીનો,લખ્યો લેખ લેલાટ માંહી રતીનો;
કળીકાળના ચક્રમાં કોણ ગાજે, અરેરે? નરેંદ્રો જરા એક લાજો. ૭
પ્રજા જે તમારી ખરી કામધેનું, દુઃખો ટાળતાં સુખ આપે મજેનું;
સદા અર્થસાર સજો આ રીવાજો,અરેરે? નરેંદ્રો જરા એક લાજો. ૮
ધરો અર્જ મારી ઉરે વીર ધારી, વધે વિશ્વમાં લાજ વેગે તમારી;
વધે દ્રવ્યને દેખશો દેશ સાજો, અરેરે? નરેંદ્રો જરા એક લાજો. ૯
બને આતમોથી ખરો છે સુધારો, પળે ચાલતો વિશ્વનો છે વધારો;
અબળા રાંકનો રાખશો કોઇ માઝો,અરેરે?નરેંદ્રો જરા એક લાજો. ૧૦

સુંણો દિલ્લી તખ્ત ધરનાર—એ રાગ.

સુણો પ્રજા પાલન અવતાર, કેસરીસિંહ કોડેરે.
મહીવિષે અવતરીઆ માહારાજ, કેસરીસિંહ કોડેરે.
દેશ ઈડર પતિ છો વિખ્યાત, કેસરીસિંહ કોડેરે.
કે. સી. એસ આઇ છે કિતાબ, કેસરીસિંહ કોડેરે.
મહીપતિ માનો આ મારી અર્જ, કેસરીસિંહ કોડેરે.
કન્યા દ્રવ્ય મેળવવા ભુંડી ગર્જ, કેસરીસિંહ કોડેરે.
માહા અનર્થ આ ઉતપાત, કેસરીસિંહ કોડેરે.
બને કઇક પ્રાણીના એથી ધાત, કેસરીસિંહ કોડેરે.
દુષ્ટ માત પીતાની નેકી નષ્ટ, કેસરીસિંહ કોડેરે.

એના પાપે ભોગવે કન્યા કષ્ટ, કેસરીસિંહ કોડેરે.
પતી પીંડરોગી કે કાંતો વૃદ્ધ, કેસરીસિંહ કોડેરે.
કાં તો અભણ અપળોટેલો બળદ,* કેસરીસિંહ કોડેરે.
કાં તો વ્યસની વ્યભિચારી અંધ, કેસરીસિંહ કોડેરે.
કાં તો મુંગા બેહેરાનો સબંધ, કેસરીસિંહ કોડેરે.
કાં તો ક્રોધી આળસુ કાં તો નીચ, કેસરીસિંહ કોડેરે.
કાં તો વાદી બકવાદી ગલીચ, કેસરીસિંહ કોડેરે.
કાં તો થાય કજોડાં ખોટાં કર્મ, કેસરીસિંહ કોડેરે.
ઉરે અર્જ ધરો આ રાય ધર્મ, કેસરીસિંહ કોડેરે.
બાળલગ્ન અગ્નીએ બાળે દેશ, કેસરીસિંહ કોડેરે.
અનીતિને હણુવા મેં કીધો કેશ, કેસરીસિંહ કોડેરે.
ન્યાય તત્વ જાંણે ન નર નાથ, કેસરીસિંહ કોડેરે.
હવે આવ્યો હજુર કેરે હાથ, કેસરીસિંહ કોડેરે.
શાસ્ત્ર ઉલંઘન ફળ આજ, કેસરીસિંહ કોડેરે.
હામ ભીડો હઠાવા માહારાજ, કેસરીસિંહ કોડેરે.
દશ વરસે કન્યાને દેવું દાન, કેસરીસિંહ કોડેરે.
નીતિ ભંગ ન સમજે નાદાન, કેસરીસિંહ કોડેરે.
હજુર? હાય હવે ન રહેવાય, કેસરીસિંહ કોડેરે.
મારૂં કાળજું થરથર થાય, કેસરીસિંહ કોડેરે.
બાળા રાંક અબળાનો નહીં વાંક, કેસરીસિંહ કોડેરે.
દુષ્ટ માત પીતાને લાલચ કાંક, કેસરીસિંહ કોડેરે.
હજાર બારસેં હરરાજી બોલાય, કેસરીસિંહ કોડેરે.
એથી વધુ આપે ત્યાં વેચાય, કેસરીસિંહ કોડેરે.
દુષ્ટ ચાલ હઠાવો વાહાલા વીર, કેસરીસિંહ કોડેરે.
અમુક કર ઠરાવો તતબીર, કેસરીસિંહ કોડેરે.
અસલ રાજનીતિનો આ છે ધર્મ, કેસરીસિંહ કોડેરે.
નીતિ નાશ કરશે આ કુડાં કર્મ, કેસરીસિંહ કોડેરે.

* બળદ—મૂરખો.

દોહરા.

નીયમ વિના નીતિ નહીં, નીતિ વિના નહિ રાજ;
રાજ વિના ભીતી નહીં, ભીતિ વિના નહિ કાજ.
અબળા કારજ કારણે, અરપું મારો દેહ;
રાજ મદદ ભેગી ભળે, ટળે સરવ સંદેહ.
મદદ મળે મુજને સરસ, મળે રાજની પ્રિત;
દેશ સુધારૂં સર્વથા, મમ હારદ અંકીત.

એ શું બોલો છો વિવેકી, ભ્રાતા ભરથરી, એ રાગ;

દેશ સુધારાને કાજ, વદું હું આજરે;
વદું હું આજ શ્રીમાહારાજ, વંદુ હું આજરે. દેશ. ટેક.
દેશ ઇડર બેશ છે, વિશેષ રાજરે,
બંકા છે રાઠોડ જેને, શીર તાજરે. દેશ.
મરહુમ જવાન સિંહ, મહા રાયજી થયા;
અદલ ઇનસાફે કામ, અમર નામ તો રહ્યાં. દેશ.
સભા ભરી સરકારે, પુનામાંહી જયાહરે;
ઇનસાફ કાજ રાજ, તેડાવ્યાં તમામરે. દેશ.
ઈનસાફ સાફ દીલથી સાપ, કીધો ન્યાયરે;
ધ નાઇટ કમાન્ડર કિતાબ, લીધો ત્યાંયરે. દેશ.
સૂરવીર રણ ક્ષેત્રમાં, રજપૂત જાતરે;
આજતો એથી દીસે છે, ઉલટી વાતરે. દેશ.
નાના! એમ ન હોય, છે વિશ્રામ સાટરે;
સૂરવીર શેર* જુએ, વખત વાટરે. દેશ.
આવ્યો વખત ઉઠો શું જુઓ, શેર ભ્રાતરે;
અરપો તમારી દેહ, જગોજગ વિખ્યાતરે. દેશ.
કન્યા વિક્રયનો કેર, ઝેર જે સમાન છે;
નાશ કરો ત્રાસ આ, વિનાશ કાળ છે. દેશ.

---

* બાળસિંહ, વાઘ.

સુરવીર દેશ સાધવા, લડયા બહુ બળી;
અબળાને કાજ આ પરમાર્થ, સાધશો મળી. દેશ.
સેહેજમાં આ સાર, પુરણ પ્યાર દીલ ધરી;
ધરો દિલે શણગાર, ધીરજ ઉમરમાં ધરી. દેશ.

દોહરો.

જય જય જય જગદિશતું, પૂરે મનના કોડ;
મહારાજને સુમતિ દે, શામળિયા રણછોડ.

શળોખો.

પ્રથમ ગણપતી પાએ લાગું,
કેહેવા શળોખો વરદાન માગું; પ્રથમ સમરૂં.
પ્રથમ સમરૂં શ્રી શારદા માય,
ભુલ્યું કથન તું આંણે અંબાય; આરા સૂરમાં.
આરાસુરમાં અંબે બીરાજે,
કડલાં કાંબીને ધુઘરા ગાજે; દક્ષિણ દેશમાં.
દક્ષિણ દેશમાં તુળજા ભવાની,
શંખલ પુરમાં બહુચરબાલી; પાવા ગઢમાં.
પાવા ગઢમાં કાળકા રાણી,
બ્રાહ્મણ મુખેસુ આપજે વાણી; માતા મોટી તું.
માતા મોટી તું મનમાં ધરજે,
ભુલ્યા ચુકયાને માફ્જ કરજે; એક મનેજે.
એક મનજે માતાને જપે,
સૌકો સાંભળજો નથી કંઇ ગપ્પ; ભાવે કરીને.
ભાવે કરીને બ્રાહ્મણ કે' છે,
ગામ કડીમાં જેતારામ રેછે; જ્યોતેશ્વર પાસે.
જ્યોતેશ્વર પાસે જુક્તિ બીરાજે,
દુ:ખીઆં જાણીને દીકરે વાજે; ભક્તિ ભીમનાથની.

ભક્તિ ભીમનાથની મુખજ વાણી,
મુકી માયા તજીઆ અન્ન કે પાણી; ભાવે કરીજે.
ભાવે કરીજે ભક્તિજ કીધી,
કરી ચોરાશી જનોઇઓ દીધી; કન્યાદાનજે.
કન્યાદાન જે દેવીએ દીધાં,
મોટાં મોટાં જે કામજ કીધાં; ગામ ગઢવાડાં.
ગામ ગઢવાડાં સતલાસણું ગામ,
રાવળ ઇચ્છારામ બાપનું નામ; મોટી ફાંદને.
મોટી ફાંદને વિભૂતિ વાળા,
વીસ પચીસ કોટમાં માળા; લીધો જોગને.
લીધો જોગને મન્નચા વિર્યું,
છોડયો સંસાર ને કુટુંબ તાર્યું. હરખ અંગમાં.
હરખ અંગમાં ઉલટ થયા,
ગુફી કડીને સાતેરે ગયા. સપ્ત નાથની શોભા.
સપ્ત નાથની શોભા શી વખાણું,
નિરમળ નીરને ગંગાજળ જાણું; બેઠા વેદિયા.
બેઠા વેદિયા વેદજ ભણે,
આવે મનુષને હુલકાં પડે; શિવજીની શોભા.
શિવજીની શોભા બની છે બહુ સારી,
આવે વિપ્ર શિવરાત્રી દીનધારી. ભાવે કરીજે.
ભાવે કરીજે બ્રાહ્મણ જમે,
મોટા મોટા જે શિવને નમે; વિપ્ર વેણીરામ.
વિપ્ર વેણીરામ વેદજ ભણે,
સારાં વખાણુ જે બાવાનાં કરે; બાવો બેઠા જે.
બાવે બેઠા જે હરખજ ધરી,
એટલે પ્રક્ષોલ વાતજ કરી; ઠાકોર ઠકરાંણી.
ઠાકોર ઠકરાણી વાતજ જાણી,
તેડી બાવાને લાવોજ આણી; તેડાં ત્રણ્યતે.

તેડાં ત્રણ્યતે તેડવા ગયાં,
બાવા પાસે જઇ ઉભાંજ રહ્યાં; બાવો બોલ્ય
બાવો બોલ્યા જે બુદ્ધિ વિચારી,
ઇલોલ આવશું નિશ્ચય ધારી; માતાએ આ
માતાએ આવી મનમાંજ કીધું,
ઇલોલ આવ્યાનું વચન દીધું; દેવીનું દીલમાં
દેવીનું દીલમાં રટણ કરતા,
હુકમ વિના તે ડગલું ન ભરતા; હેતે કરીને.
હેતે કરીને ઇલોલ પધાર્યા,
ઉત્તમ વર્ણમાં વિપ્રને તાર્યા; હવે ઠાકોરની.
હવે ઠાકોરની ઠકરાત જાણું,
પુન્ય ભકિતને ભાવ વખાણું; જોગી જાંણીને.
જોગી જાણીને જાપતા કરતા,
ગોડી ગફાને માંહીજ [illegible]; જોગી જે જાણુ.
જોગી જે જાણું બધાએ નાંહીં,
ધુત્તા ઘેણુંજા નાશી તે જાય; જોગી જે કહીએ.
જોગી જે કહીએ જેતારામ કેરા,
હવન હોમને પુન્ય ઓતેરા; ધનધન દોલતસિંહ
ધનધન દોલતસિંહ ધર્મ અવતાર,
બોલે અડધુંને બધુંજ પાળે; રાજના નગ્રમાં
રાજના નગ્રમાં કોઇ ન દુઃખીયું,
ઇંદ્રપુરી સમ ઇલોલ સુખીઉં; રાજ પાટવી.
રાજ પાટવી નાહારસિંહજી જાણું,
હીરસિંહ, દાનસિંહને કુંવર વખાણું; ક્ષત્રી કેવા જે.
ક્ષત્રી કેવા જે રૂપેજ રૂડા,
પુન્ય દાતા ને પંડેજ શુરા; દીપસિંહ જે જાણુ
દીપસિંહ જે જાણું દીસંતો દીવો,
રાજના કુંવરો ઘણુંજ જીવો; એકે મને જે.

વાત કરી જે ઠાકોરે ગમતી; દેવ જાણીને.
દેવ જાણીને દાનજ દીધું,
ગાય ઉપરથી પલાણુ* લીધું; દેશ પરદેશે.
દેશ પરદેશે વાતજ જાણી,
ઇલોલ ઠાકોરની નગરી વખાણી; રાજના નગ્રમાં.
રાજના નગ્રમાં મુત્સદી પાકે,
બુદ્ધિવાળાને વચન રાખે; શેઠ શેહેરમાં.
શેઠ શેહેરમાં બેચર જાણું,
સૌકો સમસ્ત માહાજન વખાણું; ઉત્તમ વર્ણ જે.
ઉત્તમ વર્ણમાં વિપ્ર વાણીઆ કીજે,
અંબાયથકી આ આશિશ દીજે; સાચી વાત જે.
સાચી વાત જે સહુકો માનો,
જોગી જેતારામ નથી કંઇ છાનો; હતું એવું જે.
હતું એવું જે માતાએ કીધું,
પુરવ પુન્ય જે ઠાકોરે લીધું; ઝાઝું જો કહીએ.
ઝાઝું જો કહીએ પીંગળ થાય,
તેલ બળે ને રાતજ જાય; ઇડર પ્રગણે.
ઇડર† પ્રગણે ઇલોલ ગાજે,
પુર પતિ દોલતસિંહ રાજે; તેના નગ્રમાં.
તેના નગ્રમાં વિપ્રનો વાસો,
શરણું અંબાયતું સંપજ ખાશો; સંવત ઓગણીસ.

---

* ઈલોલના બ્રાહ્મણો પાસેથી વેઠ અને ચોકી માફ કરી.

† ઈલોલ ઇડર પ્રગણામાં નથી. મહિકાંઠા એજન્સીની હકુમત ીચે છે.

એચર જોશા શળાખા ભાવ ક છ;   જ કાઈ ર

જે કોઇ સાંભળે નર ને નારી,

તેનાં પ્રાયશ્ચિત હરે શ્રી મોરારી;   શળાખો સં

સમાપ્ત.

